**–:: આંક–૧ તળે હુકમ ::–**

(૧) અરજદારના વિ.વ.શ્રી એસ.આર. પરમારને સાંભળ્યા તથા અરજી તથા સાથેનું રેકર્ડ તથા નાઝરશ્રીનો શેરો વંચાણે લીધો.

(૨) અરજદારે તેમની અરજીના સમર્થનમાં આંક–૩ ના દસ્તાવેજી લીસ્ટથી દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે તેમજ સામાવાળાના વિ.વ.શ્રી ધ્વારા આંક–૧ ની અરજી ઉપર શેરો કરી નામ. ગુજરાત હાઈકોર્ટમાં થયેલ અપીલના હુકમ મુજબ એફ.ડી. આપવા સામે વાંધો ન હોવાનું જાહેર કરેલ છે.

(૩) અરજદારે તેઓની અરજીમાં જણાવેલ છે કે, આ કામના અરજદાર નં .૧ તથા ૨ ના પુત્ર અને નં.૩ ના ભાઈને અકસ્માતથી ઈજાઓ થવાથી ગુજરી જતા તેઓએ વળતર મેળવાવ નામ. કોર્ટમાં એમ.એ.સી.પી. નં. ૩૪/૨૦૧૬ દાખલ કરેલ જે કલેઈમ વળતર અરજી ચાલી જતા અરજદારના ફેવરમાં હુકમ થતા આ કામના સામાવાળા નં.૩ નાઓએ સદર હુકમ સામે નામ. હાઈકોર્ટમાં અપીલ કરેલ, જે અપીલમાં નામ. ગુજરાત હાઈકોર્ટના વચગાળાના હુકમ મુજબ અરજદાર નં.૧ રાજુભાઈ ભીખાભાઈ સોલંકીના નામે રૂા.૨,૩૭,૫૦૫/– રસીદ નં. 374700RA00011152 થી પંજાબ નેશનલ બેન્ક, નડીઆદમાં તથા અરજદાર નં. ૨ હંસાબેન રાજુભાઈ સોલંકીના નામે રૂા.૨,૩૭,૫૦૫/– રસીદ નં. 374700RA00011161 થી પંજાબ નેશનલ બેન્ક, નડીઆદમાં તથા અરજદાર નં. ૩ નરેન્દ્રભાઈ રાજુભાઈ સોલંકીના નામે રૂા.૧,૧૮,૭૫૨/– રસીદ નં. 374700RA00011170 થી પંજાબ નેશનલ બેન્ક, નડીઆદમાં ફીકસ ડીપોઝીટની રસીદ નાઝરશ્રીની બ્રાંચમાં જમા કરાવેલ છે. સદરહું નામ.હાઈકોર્ટમાં અપીલના કામે વીમા કંપનીએ અપીલ નં. ૩૪/૨૦૨૧, તા.૧૩/૦૯/૨૦૨૫ ના રોજ વિથ્ડ્રો કરેલ હોય,જેથી અરજદારોની સદર ફીકસ ડીપોઝીટની રસીદ અરજદારોને આપવા તેમજ ફીકસની રકમ વ્યાજ સાથે ચુકવી આપવા હુકમ કરવા અરજ ગુજારેલ છે.

(૪) અરજદારની અરજીની હકીકત વંચાણે લીધી તથા તેના સમર્થનમાં રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવાઓ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો વંચાણે લીધા. આ કામે નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા કરવામાં આવેલ હુકમ વંચાણે લ ેતાં વીમા કંપનીના ધ્વારા કરવામાં આવેલ ફર્સ્ટ અપીલ નં. ૩૪/૨૦૨૧, તા.૧ ૩/૦૯/૨૦૨૫ ના રોજ વિથ્ડ્રો કરેલ હોય, જેથી કોઈ અપીલ પણ નામ. વડી અદાલત સમક્ષ પેન્ડીંગ નથી. આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતા

અરજદારોના નામની ફીકસ રસીદ નાઝર શાખામાં જમા છે તે અરજદારોને પરત સોંપવાનો હુકમ કરવો ઉચિત જણાઈ આવતો હોય, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**-:: હુકમ ::-**

૧) અરજદારની હાલની અરજી **મંજુર** કરવામાં આવે છે.

૨). સદર કામે અરજદાર નં.૧ રાજુભાઈ ભીખાભાઈ સોલંકીના નામની નાઝરશ્રીની કસ્ટડીમાં રહેલ પંજાબ નેશનલ બેન્ક, નડીઆદ શાખાની રસીદ નં. 374700RA00011152, રૂા.૨,૩૭,૫૦૫/- (બે લાખ સાડત્રીસ હજાર પાંચસો પાંચ પુરા) ની અરજદાર નં.૧ ની યોગ્ય ચકાસણી કર્યા બાદ અરજદાર નં.૧ ને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

૩). સદર કામે અરજદાર નં.૨ હંસાબેન રાજુભાઈ સોલંકીના નામની નાઝરશ્રીની કસ્ટડીમાં રહેલ પંજાબ નેશનલ બેન્ક, નડીઆદ શાખાની રસીદ નં. 374700RA00011161, રૂા.૨,૩૭,૫૦૫/- (બે લાખ સાડત્રીસ હજાર પાંચસો પાંચ પુરા) ની અરજદાર નં.૨ ની યોગ્ય ચકાસણી કર્યા બાદ અરજદાર નં.૨ ને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

૪). સદર કામે અરજદાર નં.૩ નરેન્દ્રભાઈ રાજુભાઈ સોલંકીના નામની નાઝરશ્રીની કસ્ટડીમાં રહેલ પંજાબ નેશનલ બેન્ક, નડીઆદ શાખાની રસીદ નં. 374700RA00011170, રૂા.૧,૧૮,૭૫૨/- (એક લાખ અઢાર હજાર સાતસો બાવન પુરા) ની અરજદાર નં.૩ ની યોગ્ય ચકાસણી કર્યા બાદ અરજદાર નં.૩ ને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

૫). હુકમની યાદી નાઝરશ્રી તથા પંજાબ નેશનલ બેન્ક, નડીઆદ શાખાને કરવી.

હુકમ આજ તારીખ ૫મી માહે મે સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા. ૦૫/૦૫/૨૦૨૬
સ્થળ:- નડીયાદ.

**(પિન્કી મરૂતકુમાર ત્રિવેદી)**
એમ.એ.સી.ટી.(ઓકઝી.) અને
બીજા અધિક ડીસ્ટ્રીકટ જજ, નડીઆદ.
કોડ નં. જીજે ૦૧૬૦૦